## અડપોદરા હાઈસ્કુલમાં હિન્દી દિવસની ઉજવણી કરાઈ



હિંમતનગર તાલુકાના અડપોદરા એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી એન. ડી. શાહ હાઈસ્કૂલ અડપોદરામાં બુધવારે સંસ્થાના ઉપપ્રમુખશ્રી કનુભાઈ પટેલ, સભ્યશ્રી આલુસિંહ ઝાલા તથા શાળા પરિવાર અને વિદ્યાર્થીઓની હાજરીમાં હિન્દી દિવસની ઉજવણી ખૂબ ઉત્સાહથી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપપ્રમુખશ્રી કનુભાઈ પટેલ તથા શાળાના મદદનીશ શિક્ષક પ્રવીણભાઈ બ્રહ્મભટ્ટે હિન્દી ભાષાના મહત્વ વિશે વિદ્યાર્થીઓને સુંદર સમજૂતી આપી હતી. ઉપસ્થિત મહેમાનશ્રીએ કાર્યક્રમને સફળ બનાવવા બદલ શાળા પરિવારને શુભેચ્છા પાઠવી હતી.

## દામાવાસકંપા ખાતે બટાકાનું કોન્ટ્રાક્ટ ફારમિંગ કરતા ખેડૂતોની મિટિંગ યોજાઈ...






સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસ કંપા ખાતે બુધવારના રોજ કોન્ટ્રાક્ટ ફાર્મિંગ કરતા ખેડૂતોની એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં છેલ્લા ૬ માસથી ગુજરાત રાજ્યના બટાકાનું કોન્ટ્રાક્ટ ફારમિંગ કરતા ખેડૂતો દ્વારા સાબરકાંઠા - બનાસકાંઠા - અરવલ્લી અને ગાંધીનગર વિભાગોમાં અવાર નવાર મીટીંગો યોજાઈ રહી છે જેના અનુસંધનમાં ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસ કંપા ખાતે રામભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ૨૦૦ ઉપરાંત ખેડૂતોની હાજરીમાં મિટિંગ યોજાઈ ગઈ. જેમાં કંપનીઓ દ્વારા આપણી માગણી મુજબના ભાવની શરતો સંતોષાય નહિ ત્યાં સુધી કોઈપણ ખેડૂતો આવી કંપનીઓના બટાકા વાવવા નહિ તે અંગે સંકલ્પ કરી સંગઠનને મજબૂત બનાવવા હાકલ કરી હતી. આજદિન સુધી સંગઠન દ્વારા કંપની, રાજકીય મંત્રી અને મુખ્યમંત્રી સાથે થયેલ કાર્યવાહીનો રિપોર્ટ આપેલ હતો. આજની થયેલ આ મિટિંગમાં તમામ ખેડૂતોએ સંગઠન દ્વારા જે સૂચનો આપવામાં આવશે તે મુજબની તૈયારી દર્શાવી હતી.

## પ્રાંતિજના ધડકણ ખાતે ટીબીના દર્દીઓને કીટનુ વિતરણ કરવામા આવ્યુ



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ધડકણ ખાતે ટીબી ના દર્દીઓએ રોગ વિષે વિસ્તૃત માહિતી આપી પોષક કીટ નુ વિતરણ કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજ ના ધડકણ ખાતે ગ્રામપંચાયત ના સભાખંડ મા આરોગ્ય વિભાગ ની ટીમ દ્વારા ટીબી ના દર્દીઓને ટીબી ના રોગ વિશે જાણકારી આપી માહિતગાર કર્યા હતા અને દવા સહિત રોગ માટે સાવચેતી વિષે જાણકારી આપી હતી તો આ પ્રસંગે ડૉ યાદવ , ધડકણ સરપંચ , તલાટી મંત્રી અખીલભાઈ પટેલ અને સભ્યો હાજર રહ્યા હતા તો પોષણ કીટ ના દાતા વિજયભાઈ તથા વિશાલભાઈ રબારી નો ધડકણ ગ્રામપંચાયત દ્વારા બન્ને દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## શામળાજી નજીક અજાણ્યા વાહને રાહદારીને અડફેટે લેતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત



અરવલ્લી જીલ્લામાં હિટ એન્ડ રનની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે વાહનચાલકો બેફામ વાહન હંકારી નિર્દોષ લોકોનો ભોગ લઈ રહ્યા છે શામળાજી આરટીઓ નજીક એક યુવકને અજાણ્યા વાહને ટક્કર મારતા સારવાર દરમિયાન યુવકનું મોત નીપજ્યું હતું શામળાજી પોલીસે મૃતકની લાશને પીએમ માટે ખસેડી મૃતક યુવકના પરિવારજનોની શોધખોળ હાથધરી હતી. અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર નવા વેણપુર ગામની સીમમાં આરટીઓ નજીક પસાર થતા રાહદારીને અજાણ્યા વાહને ધડાકાભેર ટક્કર મારતા રાહદારી યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા આજુબાજુથી લોકો દોડી આવી ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે દવાખાને ખસેડતા સારવાર દરમિયાન યુવકનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી શામળાજી પોલીસે મૃતક અજાણ્યા યુવકની લાશને પીએમ માટે ખસેડી અકસ્માતે મોતનો ગુન્હો નોંધી મૃતક યુવકના વાલી-વારસાની શોધખોળ હાથધરી હતી.

## ડીસામાં ગૌમાતાની પોષણ યોજના લાગું કરવા સરકાર સામે ગૌભક્તોનું પોસ્ટર યુદ્ધ




હિન્દુ ધર્મપ્રેમી ગૌભક્તો અને સંગઠનો દ્વારા સરકારે જાહેર કરેલ ગૌમાતા માટે ૫૦૦ કરોડની મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાનો અમલ ન થતાં અમલીકરણ માટે સૌ ગૌભક્તો સાથે મળીને સરકારને કલેક્ટરના માધ્યમથી રેલી અને ગૌમાતાને જયઘોષ સાથેનું આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં બનાસકાંઠા પંથકના સાધુ, સંતો અને ગૌશાળાઓના ગૌસેવકો તથા જીવદયાપ્રેમી અને હિંદુવાદી સંગઠનો જોડાયાં હતાં.ગુજરાત સરકારે બજેટમાં ૫૦૦ કરોડની ગૌમાતા પોષણ યોજનાની જોગવાઈ કરેલ છે. જેને આજે છ મહિના થવા છતાં અનેક ઉઘરાણીઓ અને અનેક આગેવાનોને મળીને ધક્કા અને ઉઘરાણી કરવા છતાં પણ કોઈ અમલીકરણ થયું નથી. સરકારે સહાય ન આપતાં ગૌશાળા/પાંજરાપોળોના સંચાલકોની હાલત ખુબ કફોડી થવા પામી છે. ગત ૭ સપ્ટેંબરે ભાભરના ગૌશાળામાં હજારો ગૌભક્તોની ઉપસ્થિતીમાં મહાસંમેલન યોજીને સરકાર દ્વારા ૧૪ સપ્ટેંબર સુધી કોઈ નિર્ણય નહી કરાય તો ૧૫મીથી ઉગ્ર આંદોલનનું આયોજન કરેલ છે. ત્યારે આજે ડીસા શહેરમાં મામલતદાર કચેરીમાં ગૌભક્તો દ્વારા ગૌમાતાની વ્હારે ચડી સરકાર સામે બાંયો ચડાવી છે અને નિર્ણય લીધો છે કે સમગ્ર જિલ્લામાં ત્યારબાદ રાજ્યભરમાં ગૌમાતાને પોષણ યોજના લાગુ કરવામાં આવે તે માટે રસ્તા પર ઉતરી બેનરો લગાડવામાં આવી રહ્યા છે જેનો આજે ડીસા મામલતદાર કચેરીએ વિવિધ સ્થળોએ ગૌમાતાને બચાવવા પોષણ યોજના લાગુ કરવા બેનરો લગાડવામાં આવ્યા હતા.

# ખેલ મહાકુંભ - આકરૂન્દ હાઈસ્કુલ સર્વશ્રેષ્ઠ શાળા જાહેર થતાં રૂા.૨૫,૦૦૦નો પુરસ્કાર

**રાજ્ય કક્ષાના મંત્રી ગજેન્દ્રસિંહ પરમારની ઉપસ્થિતિમાં અન્ય શાળાઓને પણ સન્માનિત કરાઈ**








બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૧૫

૧૧ ખેલ મહાકુંભમાં અરવલ્લી જિલ્લામાં ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલને સર્વશ્રેષ્ઠ શાળા જાહેર કરી રાજ્ય સરકારના મંત્રી ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે રૂા.૨૫ હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. જિલ્લાની અન્ય શાળાઓને પણ સન્માનિત કરવામાં આવી છે. આકરૂન્દ હાઈસ્કુલે ખોખો સ્પર્ધામાં સ્ટેટ અને નેશનલ કક્ષાએ ૭૫૦ થી વધુ ખેલાડીઓની ભેટ આપી છે તેની રાજ્યના રમત-ગમત વિભાગ દ્વારા નોંધ લેવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્ય સરકાર દ્વારા તા.૨૯ સપ્ટેમ્બર થી ૧૨ ઓક્ટોબર-૨૦૨૨ દરમ્યાન ૩૬મી નેશનલ ગેમ્સ રાજ્યમાં યોજાવવાની છે જેમાં ૩૬ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના રમત વીરો ૩૬ વિવિધ રમતોની સ્પર્ધામાં ભાગ લેશે જે ગુજરાતના ૬ પ્રમુખ શહેરોમાં આયોજીત કરાઈ છે. ઐતિહાસિક રમતોત્સવમાં દેશમાંથી ૭૦૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેવાના છે ત્યારે નેશનલ ગેમ અંગે ગુજરાતના યુવાનો અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવાય તે હેતુસર શાળા, કોલેજ અને યુનિ.માં રમત-ગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તે માટે રમત-ગમતની અને પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિઓ કરી તમામ વિદ્યાર્થી અને ખેલાડીઓની વિશાળ ભાગીદારી સાથે તા.૧૫ સપ્ટેમ્બર થી સેલીબ્રેટીંગ યુનિટી-થ્રુ સ્પોર્ટસના થીમ હેઠળ નેશનલ ગેમ્સ અવરનેસ કમ્પેઈન માટે અરવલ્લી જિલ્લાની શાળા-કોલેજોમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં અરવલ્લી જિલ્લાની વિવિધ તાલુકાઓની શાળાઓને ખેલ મહાકુંભ-૧૧માં ઉમદા દેખાવ બદલ સન્માન કરવાનો કાર્યકર્મ મોડાસા ભામાશા હોલમાં યોજાયો જેમાં આકરૂન્દ કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ એન. પટેલ, ઉપપ્રમુખ દિનેશભાઈ એચ. પટેલ, આચાર્ય જે.ડી. ભાટી, સુપરવાઈઝર પંકજભાઈ કટારાને રૂા. ૨૫,૦૦૦નો ચેક રાજ્ય સરકારના મંત્રી ઉપરાંત જિલ્લા કલેક્ટર ડૉ.નરેન્દ્રકુમાર મીણા વગેરેની ઉપસ્થિતિમાં આપવામાં આવ્યો હતો આ સાથે આકરૂન્દ હાઈસ્કુલ ફરી એકવાર રમત-ગમત ક્ષેત્રે નામાંકીત બની છે.

## અમીનપુર રોડ બોરના કુવામા પડેલ બિલાડીનું રેસ્ક્યુ કરાયું

**૬૦ ફુટ ઉડા કુવામા પડેલ બિલાડીને રેસ્ક્યુ કરી બચાવી લેવામા આવી : રાત્રી ના સમયે બિલાડી કુવામા પડી હતી : પ્રાંતિજ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા કુવામા ઉતરી બિલાડીને બચાવી**



પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના અમીનપુર રોડ ઉપર આવેલ બોરના ૬૦ ફુટ ઉંડા કુવામા પડેલ બિલાડીને પ્રાંતિજ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા કુવામા રેસ્કયુ કરી બચાવી લેવામા આવી. પ્રાંતિજ ના અમીનપુર રોડ ઉપર આવેલ પ્રજાપતિ અંબાલાલ ભાઈલાલના ખેતરમા આવેલ ૬૦ ફુટ ના ઉડા કુવા મા રાત્રીના સમયે બિલાડી પડી હતી તો ખેડૂત ને સવારે ખબર પડતા પ્રાંતિજ ફાયર બ્રિગેડ ટીમ ને જાણ કરી હતી તો સમાચાર મળતાંજ પ્રાંતિજ ફાયર બ્રિગેડ ટીમ ના કેપ્ટન મુકેશભાઈ પરમાર , ગોપાલભાઈ પટેલ, અનીલભાઈ મકવાણા સહિત ની ટીમ તાત્કાલિક ધટના સ્થળે દોડીજઈ હતી અને કુવામા ઉતરી રેસ્ક્યુ કરી ને ૬૦ ફુટ ઉંડા કુવામાંથી બિલાડી ને જીવતી બહાર કાઢી બચાવી લેવામા આવી હતી.

## પ્રાંતિજ પોલીસે ગાંધીનગર ટ્રેકટર લઈને નિકળેલ ખેડૂતોને ટોલનાકા પાસે રોક્યા

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ટ્રેકટર લઈ ને ગાંધીનગર જઈ રહેલ ખેડૂતો ને પ્રાંતિજ પોલીસે ટોલનાકા પાસે રોક્યા.

ભારતીય કિસાન સંઘ દ્વારા છેલ્લા ૨૦ દિવસ થી ખેડૂતો ને થઈ રહેલા અન્યાય સામે ગાંધીનગર ખાતે ઉગ્ર આંદોલન ચાલી રહ્યુ છે અને આ આંદોલન મા સામિલ થવા જઈ રહેલ પ્રાંતિજ સહિત તાલુકાના ખેડૂતો પોતાના ટ્રેકટરો લઈ ને ગાંધીનગર ખાતે જવા માટે નિકળ્યા જે દરમ્યાન પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ કતપુર ટોલટેક્સ પાસે પોલીસ નો ચુસ્ત બંદોબસ્ત ખડકાવી દેવામા આવ્યો હતો અને ગાંધીનગર ખાતે જઈ રહેલ ચાર ટ્રેકટરો તથા ૧૫ જેટલા ખેડૂતો ને કતપુર ટોલનાકા પાસેજ ઉભા કરી તેવો પાસે મંજુરી લેટર માગ્યો હતો પણ ખેડૂતો પાસે મંજુરી ના હોય ચાર ટ્રેકટર સાથે વગર મજુરીએ ગાંધીનગર ખાતે જઈ રહેલ પ્રાંતિજ તાલુકા કિસાન સંઘ ના પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ , કાલીદાસભાઈ પટેલ , જીતુભાઈ પટેલ , નરસિંહ ભાઈ પટેલ , વિનયભાઈ પટેલ , ભાઈચંદ્ર ભાઈ પટેલ , વિષ્ણુભાઈ પટેલ , કલ્પેશભાઈ પટેલ , હાર્દિકભાઈ પટેલ સહિત ખેડૂતો તથા ખેડૂત આગેવાનો ૧૫ જેટલા ખેડૂતો ને રોકી પાડયા હતા તો ખેડૂતો દ્વારા સરકાર ની દમણ નીતિ સામે રોષ વ્યકત કર્યો હતો તો પ્રાંતિજ સહિત તાલુકામાંથી કેટલાક ખેડૂતો અન્ય વાહન મારફતે ગાંધીનગર ખાતે કાર્યક્રમ મા જવા માટે રવાના થયા હતા.




## વિકાસના કામોમાં બદબુ વચ્ચે ટેન્ડર-કી ખોવાઈ ગઈ

# બાયડ નગરપાલિકાના રૂા.૬૦ લાખના ટેન્ડરની કી ખોવાતાં અફરા તફરી, ફરી નવું ટેન્ડર અપાયું

**નવા ટેન્ડર જાહેરાતનો ખર્ચ કોણ ભોગવશે, પ્રજાનો ટેક્સ વેડફાશે તો નહીં ને..??**

મોડાસા, તા.૧૫

ભાજપ શાસિત બાયડ નગરપાલિકામાં વિકાસના અનેક કામોમાં બદબુ વચ્ચે છેલ્લા દોઢ મહિનાથી ટેન્ડર-કી ખોવાઈ ગયાની ચર્ચાને હવે સમર્થન મળ્યું છે. બાયડ નગરપાલિકાના વિવિધ વિસ્તારોના અંદાજીત ૬૦ લાખના કામોનું ફરીથી ટેન્ડર બહાર પડતાં હવે નવા ટેન્ડર જાહેરાતનો ખર્ચ કોણ ભોગવશે..?? સત્તાધિશો પ્રજાના ટેક્સના પૈસા વેડફી તો નથી રહ્યા ને..?? તેવા અણિયાળા સવાલ વચ્ચે આ પ્રકારની બેદરકારી બદલ પ્રાદેશિક કમિશ્નર(નગરપાલિકા), ગાંધીનગર દ્વારા કોઈ પગલાં ભરાશે ખરાં..?? તેવા સવાલ અહીં તહીં થઈ રહ્યા છે.

મળતી જાણકારી અનુસાર આગામી વિધાનસભાની ચૂંટણી ગમે ત્યારે જાહેર થઈ શકે છે. બાયડ પાલિકામાં પ્રજાલક્ષી અનેક વિકાસ કામોને ગળે ટૂંપો દીધા જેવી હાલત પછી ગજગ્રાહ જગજાહેર થયો છે. જ્યારે છેલ્લા કેટલાક સમયથી બાયડ નગરપાલિકાના બેદરકાર કર્મચારીએ ટેન્ડર-કી ખોઈ નાખ્યાની ગપસપ પાલિકા ભવન તેમજ બાયડના બજારોમાં ચર્ચાતી હતી પરંતુ કશું થયું જ ન હોય તે રીતે મામલો અત્યાર સુધી દબાવી દેવાનો પ્રયાસ થયો. રાતો રાત અન્ય જવાબદાર હોદ્દેદારોને જણાવ્યા વગર નવી કી ખરીદી પરંતુ તેમાં ફાવટ આવી નહી અને ટેન્ડર ન ખુલતાં જવાબદારો બરાબરના ભરાયા હોય તેવી સ્થિતિ પેદા થઈ હતી. આખરે ન છૂટકે વધુ રૂા.૨૫ થી ૩૦ હજારનો ખર્ચ કરીને વિકાસ કામોનું ફરીથી ટેન્ડર આપવાની ફરજ પડી છે. વર્ષ-૨૦૦૬ થી બાયડ નગરપાલિકા અસ્તિત્વમાં આવી છે ત્યારે બાયડ નગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમવાર ટેન્ડર-કી ખોવાઈ જાય તેવી ગંભીર બેદરકારી સામે આવતાં પ્રજા પણ બાયડ પાલિકામાં કેવો વહીવટ ચાલે છે તેનો ખેલ જોઈ રહી છે. ભાજપ સંગઠન પણ આ બાબતની ગંભીર નોંધ લેશે ખરૂ કે પછી તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ..ની જેમ નવી કહાની બનાવશે.

## પ્રાંતિજના સલાલ ખાતેથી ત્રણ શકુનિઓ ઝડપાયા : કુલ-૩૮,૬૦૦ના મુદામાલ સાથે અટકાયત

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના સલાલ મા ઘર આગળ સીમમાંથી જુગાર રમતા ત્રણ શકુનિઓને પ્રાંતિજ પોલીસે રૂપિયા- ૩૮,૬૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા

પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ના સલાલ બાજુ પેટ્રોલીંગ માં હતી તે સમયે સલાલ ગામે જતા ખાનગી રાહે બાતમી મળી કે સલાલ ગામમા રહેતા રણજીતસિંહ રણછોડસિંહ પરમાર ના ઘર આગળ કેટલાક માણસો ભેગા મળી પૈસા પાના વડે તીન પતીનો હારજીત નો જુગાર રમે છે તેવી હકીકત મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા તાત્કાલિક સ્થળ ઉપર જઈ તપાસ કરતા પોલીસ ને જોઈને ત્રણેય જણા ભાગવા જતા પ્રાંતિજ પોલીસે ત્રણેય ઈસમો ને ઝડપી પાડયા હતા જેમા રણજીતસિંહ રણછોડસિંહ પરમાર ઉ.વર્ષ-૩૮ રહે. સલાલ તા.પ્રાંતિજ જિ સાબરકાંઠા , હરેન્દ્રસિંહ દલપતસિંહ ઝાલા ઉ.વર્ષ-૩૭ રહે. કથવાડીયા તા.હિંમતનગર જિ. સાબરકાંઠા , પ્રકાશભાઈ બુધાજી વણઝારા ઉ.વર્ષ-૩૨ રહે પ્રાંતિજ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા ત્રણેય ઈસમો ને પ્રાંતિજ પોલીસે ગંજીપાના દાવની રકમ-૩,૨૦૦ તથા ત્રણેય પાસેથી અંગ જડતી માંથી મળેલ રકમ-૨૨,૪૦૦ તથા ત્રણ મોબાઈલ જેની કિંમત ૧૩,૦૦૦ મળી કુલ - રૂપિયા ૩૮,૬૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડયા હતા અને જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનોનોંધી ત્રણેય ઈસમો સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

## નવરાત્રિ કાઉન્ટ-ડાઉન શરુ

# જિલ્લાના બજારોમાં વિવિધ વેરાયટીની ચણિયાચોળીનો ખડકલો

**નવરાત્રિ દરમ્યાન વરસાદની આગાહીથી આયોજકો-ખેલૈયાઓ ચિંતિત**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૫

રાજ્યમાં વરસાદી માહોલ ફરી જામ્યો છે ત્યારે હવામાન વિભાગે તા.૨૫ સપ્ટેમ્બર થી ૫ ઓક્ટોબર સુધી વરસાદ વરસવાની સંભાવના વ્યક્ત કરતાં નવરાત્રિ દરમ્યાન વરસાદનું વિન આવવાની દહેશત વધતાં આયોજકો અને ખેલૈયાઓ ચિંતિત જણાઈ રહ્યા છે. પાછલા ૨ વર્ષ દરમ્યાન કોરીનાના કારણે નવરાત્રિનું જાહેર આયોજન મુલત્વી રહ્યું હતું અને આ વખતે વરસાદનું વિશ્ન નડવાની સંભાવના વધી છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર આગામી તા.૨૬ સપ્ટેમ્બર થી નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. ખેલૈયાઓમાં નવરાત્રિને લઈને થનગનાટ જોવા મળી રહ્યો છે. બજારો પણ નવરાત્રિને લઈને સજ્જ થતાં જોઈ શકાય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના મુખ્ય બજારોમાં વિવિધ વેરાયટીની ચણિયાચોળીઓ તેમજ ટ્રેડીશ્નલ ડ્રેસનો જથ્થો ખડકાઈ રહ્યો છે. શહેરી વિસ્તારોમાં તો વેસ્ટર્ન અને ટ્રેડીશનલ ફ્યુઝન ગરબાની ટ્રેનિંગ શરુ થઈ છે. દરરોજ સમી સાંજથી ખાસ પ્રકારની પ્રેકટીસ કરતા ખેલૈયાઓ જોવા મળી રહ્યા છે તે જોતાં ૨ વર્ષ પછી કોરોનાના ડર વગર યોજાનારી નવરાત્રિ મહોત્સવ યાદગાર બનવાની સંભાવના વધુ છે પરંતુ રાજ્યના હવામાન વિભાગે નવરાત્રિ દરમ્યાન અનેક વિસ્તારોમાં ભારે થી અતિભારે વરસાદ વરસવાની શક્યતા વ્યક્ત કરતાં અનેક નવરાત્રિના આયોજકો ચિંતિત બન્યા છે. જિલ્લાના શહેરી વિસ્તારોમાં નવરાત્રિ આયોજકોએ ૯ દિવસ માટે ૭૫ હજાર થી ૪.૫૦ લાખ સુધીના ગાયક છંદો નક્કી કરીને સોશ્યલ મીડીયામાં કયા દિવસે કયા ગાયક વૃંદ ખેલૈયાઓને ડોલાવશે તેની જાણકારી પણ આપી દેવામાં આવી છે આ સંજોગોમાં વરસાદનું વિઘ્ન નવરાત્રિના આયોજનને ખલેલ ન પહોંચાડે તે માટે ખેલૈયાઓ દ્વારા પ્રાર્થનાઓ શરુ થઈ છે. હિંમતનગર, ઈડર, મોડાસા, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ અને બાયડના બજારોમાં રુ ૭૦૦ થી ૭૦૦૦ સુધીની વિવિધ વેરાયટીની ચણિયાચોળીઓનો ખડકલો જોવા મળી રહ્યો છે.

## શાળા સંચાલકોનો રોષ ઠારવાનો પ્રયાસ

# ઉત્તર ગુજરાતમાં ધો.૯ થી ૧૨ ની શાળાઓમાં ગ્રાન્ટેડ વર્ગ ઘટાડવા માટેની પ્રક્રીયા સ્થગિત : અનેક શિક્ષકોની ફાજલ થવાની ઘાત ટળ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૫

કોરોના પછી શાળાઓની દશા બેઠી છે. વિદ્યાર્થી સંખ્યા ઘટ્યા પછી પણ નવું શૈક્ષણિક સત્ર શરુ થયાના ૪ મહિના સુધી વર્ગ સરાસરીનો પરીપત્ર કરાયો ન હતો અને એકાએક જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા વર્ગ ઘટાડાની દરખાસ્ત મોકલવા સૂચના મળતાં શાળા સંચાલક મંડળ હચમચ્યું હતું. ચૂંટણી સમયે શાળા સંચાલકોનો રોષ મુશ્કેલી લાવી શકે છે તેવું જાણ્યા પછી રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ઉત્તર ગુજરાત સહિત રાજ્યમાં ધો.૯ થી ૧૨ ની શાળાઓમાં ગ્રાન્ટેડ વર્ગ ઘટાડા માટેની પ્રક્રીયા સ્થગિત કરવાના આદેશ અપાયા

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ધો.૯ થી ૧૨ ની અંદાજીત ૩૩૦૦ થી વધુ ગ્રાન્ટેડ શાળાઓ આવેલી છે. કોરોનાના કારણે અનેક પરિવારો સ્થળાંતરીત થઈ ગયા છે અને તેની સીધી અસર અનેક શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યાના રૂપમાં જોવા મળે છે. ત્યારે અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળ અને ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળ દ્વારા વર્ગ સરાસરી અગાઉની જેમ નિયમિત રાખવા શિક્ષણ વિભાગ સમક્ષ રજૂઆત કરી હતી છતાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ડી.ઈ.ઓ. દ્વારા શાળાના આચાર્યોને નિયત કરેલી સરાશરી કરતાં વર્ગ સંખ્યા ઓછી હોય તો વર્ગ ઘટાડાની દરખાસ્ત મોકલી આપવા અન્યથા તપાસ દરમ્યાન ખોટું જણાશે તો કાર્યવાહી કરવાની ચીમકી આપી હતી. આવી સ્થિતિમાં ઉત્તર ગુજરાતમાં ૧૦૦ થી વધુ વર્ગો ઘટી જાય તેવી દહેશત હતી. કોરોના સમય દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ ના બદલે ૧૮ અને શહેરી વિસ્તારમાં ૩૬ ના બદલે ૨૫ સંખ્યા હોય ત્યાં સુધી વર્ગ બંધ કરવામાં નહીં આવે તેવો કમિશ્નર શાળાઓની કચેરી-ગાંધીનગર દ્વારા પરીપત્ર કરાયો હતો. પરંતુ આ પરીપત્રો વર્ષ-૨૦૨૦ થી ૨૦૨૨ના શૈક્ષણિક વર્ષ માટે લાગુ કરાયો હતો. પરીપત્રની અવધી સમાપ્ત થયા પછી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા વર્ગ ઘટાડા માટેની પ્રક્રીયા શરુ કરી હતી પરંતુ સંચાલકોની રજૂઆત પછી શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટેડ સ્કૂલોમાં વર્ગ ઘટાડાની પ્રક્રીયા હાલ પૂરતી સ્થગિત રાખવાનો આદેશ કરાતાં ઉત્તર ગુજરાતના ૧૪૦ થી વધુ શિક્ષકો ઉપર લટકતી કાજલની તલવાર હાલ પૂરતી દૂર થઈ છે.

## ગણેરની યુવતીનું અપહરણ : સ્થાનિક યુવકે લલચાવી-ફોસલાવી યુવતીને ભગાડી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૫

પોશીના તાલુકાના ગણેર (પટારાફળી)ની યુવતીને લલચાવી-ફોસલાવી સ્થાનિક યુવક અપહરણ કરી ભગાડી જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે પોશીના પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોશીના પંથકમાં યુવતીઓ અને સગીરાઓના અપહરણના બનાવ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. પોલીસ દ્વારા અપહરણની ફરિયાદોમાં પ્રેમ પ્રકરણનું કારણ આગળ ધરી તપાસનું ફીડલું વાળી દેવામાં આવતું હોય છે. તાલુકાના ગણેર (પટારાફળો) ગામના ગમાર પરિવારની યુવતીને મહેશ પ્રવિણભાઈ ગમાર નામના યુવાને પ્રેમજાળમાં ફસાવી હતી. યુવતી સાથે વાતચીતના સબંધો કેળવ્યા પછી તેને લલચાવી-ફોસલાવી ભગાડી જવામાં આવી હતી. પુત્રી ગુમ થતાં પરિવાર દ્વારા તેની સગા-સબંધીઓના ત્યાં શોધખોળ કરવામાં આવી હતી પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો. તપાસના અંતે સ્થાનિક યુવાન તેણીને લલચાવી-ફોસલાવી અપહરણ કરી ભગાડી ગયાનું જણાઈ આવતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે યુવતીના પિતાની ફરિયાદના આધારે પોશીના પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.